સમાજ સુરક્ષા હસ્તકની ગ્રાન્ટ-ઇન એઇડ (સહાયક અનુદાન મેળવતી) જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો, વિકલાંગ ક્ષેત્રની સંસ્થાઓના અંતેવાસીઓના માસિક નિભાવ ખર્ચમાં વધારાની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૭/૭૯૦૬૯/નબા/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૦૫/૨૦૧૭.

2 2 MAY 2017

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૧/૦૬/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૧/નબા.૧૩/૭૯૩૨૭/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૬/૦૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/૨૦૧૬-૧૭/૧૯ તથા તા.૦૬/03/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/૨૦૧૬-૧૭/૫૧.

**પ્રસ્તાવના:-**

રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ-ઇન એઇડ (સહાયક અનુદાન મેળવતી) જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો, વિકલાંગક્ષેત્રની સંસ્થાઓના અંતેવાસીઓનો માસિક ભોજન ખર્ચ રૂ.૧૦૦૦ આપવા તા.૧૧/૦૬/૨૦૧૨ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે.

તદઅન્વયે આ જોગવાઇને અધીન નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૨)ના પત્રથી રાજ્ય સરકારની સમાજ સુરક્ષા હસ્તકની ગ્રાન્ટ-ઇન એઇડ(સહાયક અનુદાન મેળવતી) જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો, વિકલાંગક્ષેત્રની સંસ્થાઓના અંતેવાસીઓના માસિક ભોજન ખર્ચ રૂ.૧૦૦૦/-( એક

હજાર પુરા) થી વધારીને રૂ.૧૫૦૦/-(એક હજાર પાંચસો પુરા)નિભાવ ખર્ચ સંસ્થાઓના કુલ ૫૩૦૦ અંતેવાસીઓ માટે વાર્ષિક કુલ રૂ.૩૧૮/-લાખની નવ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સમાવેશ કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ તા.૦૬.૮ પત્રથી રજૂ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારની સમાજ સુરક્ષા હસ્તકની ગ્રાન્ટ-ઇન ૨ (સહાયક અનુદાન મેળવતી) જુવેનાઇલ જસ્ટીસ એકટ- હેઠળ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો, વિકલાંગક્ષેત્રની સંસ્થાઓના અંતેવાસીઓને હાલ ચૂકવવામાં આવતા માસિક ભોજન ખર્ચ રૂ. ૧૦૦૦/-( એક હજાર પુરા) થી વધારીને રૂ.૧૫૦૦/-(એક હજાર પાંચસો પુરા)નિભાવ ખર્ચ નીચેની શરતોને અધીન કરવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા નિભાવ ખર્ચમાં ભોજન ખર્ચ અને નાસ્તો,દળામણ ખર્ચ, શાકભાજી,પાણી ખર્ચ, માથાનું તેલ, સાબુ, બળતણ, કપડાં અને પાથરવા-ઓઢવાની વસ્તુઓ, નિવાસી/લાભાર્થીના શિક્ષણ અને તાલીમ પરનું ખર્ચ, નિવાસી/લાભાર્થી માટે દવા અને તબીબી સવલતો પરનું વ્યાજબી ખર્ચ, દીવાબત્તી,વીજળી અને પાણી અંગેનું વ્યાજબી ખર્ચ, નિવાસી/લાભાર્થીના કલ્યાણ અને મનોરંજન માટે વ્યાજબી ભાવે રાબેતા મુજબનુ આકસ્મિક ખર્ચ, સાફ-સફાઇ ખર્ચ, જંતુનાશક દવાઓ, સફાઇના જરૂરી સાધનો, દંતમંજન,બ્રશ,સ્ટેશનર, રસોઇ બનાવવા માટેના સાધનોનો રીપેર ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.અન્ય કોઇ કન્ટીજન્સી ખર્ચ મળવાપાત્ર રહેશે નહિ.

(૩) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ અનુક્રમે માંગણી નં.૯૨, ૨૨૩૫-૦૨-૧૦૨-૦૧ બજેટ હેડ હેઠળ રૂ.૧૭૪/- લાખ, માંગણી નં.૯૨, મુખ્ય સદર ૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ રૂ.૧૨૦/- લાખ તથા માગણી નં.૯૬(TASP), મુખ્ય સદર ૨૨૩૫-૦૨-૭૯૬-૧૬ બજેટ હેડ હેઠળ રૂ.૨૪/- લાખ એમ મળી થયેલ કુલ જોગવાઇ રૂ. ૩૧૮/- લાખ( રૂપિયા ત્રણ કરોડ અઢાર લાખ પૂરા)માંથી મેળવવાનો રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

આ અંગેના હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.30/03/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય , ગાંધીનગર
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.), સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સી.ઇ.ઓ. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં.૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી. અધિકારીશ્રીઓ.(મારફતેઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ. વેબસાઇટમાં છ-શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવા સારૂ.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ.